**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૦૬/૦૩/૨૦૧૬ રવિવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૩૯/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી ૨૯ વ્યક્તિઓને ઝડપી ૯૫ લીટર દેશી દારૂ, ૫૦ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૮ વ્યક્તિને ઝડપી રૂપિયા ૩૨,૮૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૪૦/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**સોનાનો દોરો ખેંચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૪૪૧/૧૬**

**રામોલ :** પુનમસિગ ચેનસિંગ ચૌહાણ (ઉ.વ.૨૫)(રહે.સમિરનગર વિભાગ-૨, મહેશ્વરી સોસાયટી નજીક, ઓઢવ) તા.૨૭/૧૧/૧૫ ના કલાક ૭/૩૦ વાગ્યાના સુમારે સ્વામીનારાયણ સોસાયટી, આલોક ટેનામેન્ટ સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક સી.બી.ઝેડ મોટર સાયકલ ઉપર આવેલ ત્રણ પુરૂષ પુનમસિંગના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૬૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ પુનમસિંગ ચૌહાણે તા.૫/૩/૧૬ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી પી.ડી.સોલંકી ચલાવે છે.

**વસ્ત્રાપુર :** વર્ષાબહેન હર્ષદકુમાર દરજી (ઉ.વ.૬૦)(રહે.ધનાસુથારની પોળ, કાલુપુર) તા.૪/૦૩/૧૬ રાતના ૯/૧૫ વાગ્યાના સુમારે ગોયલ ઈન્ટરસીટીથી આગળ રોડ ઉપર પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષ આશરાનાં) વર્ષાબહેનના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ વર્ષાબહેન દરજીએ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.ડી.પરમાર ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૪૪૨/૧૬**

**શાહીબાગ :** તમીલ સેલવન ચન્દ્રશેખર મુદલીયાર (ઉ.વ.૪૨) (રહે, ત્રીજો માળ, ઇલાઇટ ફ્લેટ, એનેક્ષી સામે, શાહીબાગ) એ તા.૪/૩/૧૬ રાતના ૮/૪૫ વાગ્યા પછી કોઇપણ સમયે કોઇ અગમ્ય કારણસર પોતાનાં ફ્લેટના ધાબા ઉપરથી નીચે પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.ઝાલા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)